# ‘પનઘટ’ની અનોખી ‘યે દિવાલી બડે દિવાલોં કી...!!’

**નવરાત્રીમાં ‘નવધા’ સેવા કાર્યો બાદ દિપાવલીમાં પનઘટ કલાકેન્દ્ર એ શહેરના જરૂરિયાતમંદ બાળકોથી માંડીને કોરોના વોરિયર્સના ચહેરાં પર સ્મિતના દિવા ઝગમગાવવાનું બીડું ઝડપ્યું!**







ગાંધીનગર, તા.૧૩


‘બોલો કેમ છો? કેવી છે દિવાળી?’ આ પ્રશ્ન ત્યારે સૌથી વધુ પુછાઈ રહ્યો છે અને કોરોના મહામારીને કારણે લગભગ મોટાભાગના જવાબમાં ‘ઠીક છે’નો પ્રત્યુત્તર પ્રાપ્ત થઈ રહ્યો છે. જો કે ગાંધીનગરની એક એવી કલા સંસ્થા છે જેના સભ્યો આ પ્રશ્નનો જવાબ ઉત્સાહથી કહી રહ્યાં છે ‘યે દિવાલી બડે દિલવાલોં કી’. જી હા, પનઘટ કલા કેન્દ્રની ટીમ દ્વારા નવરાત્રીમાં પણ ‘નવધા’ સેવા કાર્યો કર્યા પછી હવે દિવાળીના પાવન પર્વે અનેક ચહેરાં પર સ્મિત રેલાવતાં આયોજનો હાથ ધરવામાં આવ્યા છે અને તેના માટે તેમણે એક મંત્ર આત્મસાત કર્યો છે ‘ડોનેટ સ્માઈલ વીથ સર્વિંગ સ્માઈલ.’

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા આ દિવાળીએ શહેરમાં વિવિધ સેવ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જરૂરિયાતમંદ વર્ગના બાળકના ચહેરાં સ્મિતથી ઝળહળી ઉઠે તે માટે મિઠાઈ અને નાસ્તાનું વિતરણ, શહેરના કોરોના વોરિયર્સ સ્વચ્છતા કર્મીઓ અને શહેરની હોસ્પિટલ્સના નર્સ-આયા બહેનોને વગેરેને મિઠાઈ વિતરણ વગેરે જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. આજે પનઘટ દ્વારા સેકટર-૨૭માં શિવશકિત મંદિરના પ્રાંગણમાં યોજવામાં આવેલા કાર્યક્રમમાં સ્થાનિક મોભી આગેવાન રામજીભાઈ દેસાઈ, મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તથા સ્થાનિક કોર્પોરેટર બરખાબેન જહા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહાનગર પાલિકાના ૮૫ જેટલાં સ્વચ્છતા કર્મીઓને મિઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજન માટે કોર્પોરશનના કર્મી અમિતભાઈ તથા શૈલેષભાઈનો સહકાર સાંપડયો હતો અત્રે ઉલ્લેખનીય છે કે પનઘટ દ્વારા આયોજિત આ અનોખી દિવાળીની ઉજવણીની શરૂઆત ગઈ કાલે શહેરની વિવિધ હોસ્પિટલમાં કાર્યરત ૫૦ જેટલી નર્સ બહેનો અને આયા બહેનોને હોસ્પિટલ પર જઈને મિઠાઈ વિતરણ સાથે કરવામાં આવી હતી. પનઘટના સંચાલક ભાવિન પટેલે જણાવ્યું હતું કે હજુ તેમની આ ‘યે દિવાલી બડે દિવાલોં કી’ માં આગામી ત્રણ દિવસ સુધી વિવિધ સેવા કાર્યો હાથ ધરવામાં આવશે. આ સેવાકાર્યોમાં પનઘટના તાલીમાર્થી યુવા કલાકારો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યાં છે.



દિવાળીના દીવાથી ઝગમગતું આ ગાંધીનગરનું આ અક્ષરધામ મંદિર રોશનીનો શણગાર સજીને નવા વર્ષને આવકારવા સૌને શુભેચ્છા પાઠવા માટે એક દીપ અંધકારને ઉજાસમાં ફેરવી દે છે....

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ મહિલા અને ઉમા ટ્રસ્ટ દ્વારા ધન્વંતરી પૂજન કાર્યક્રમ યોજાયો




ચિલોડા, તા. ૧૪

ધનતેરસના દિવસે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ મહિલા અને ઉમા ટ્રસ્ટ દ્વારા એક અનોખો ધન્વંતરી પૂજનનો કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આહાર અને આરોગ્ય વિષય ઉપર સવા કલાકનું મનનીય પ્રવચન જે.સી. પટેલ અધ્યક્ષ વિકેર ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવ્યુ હતુ. શરીર અને મનની રચના અને કાર્ય તંદુરસ્તી ઉપર ભાર આપી બંનેને કઈ રીતે તંદુરસ્ત-સમૃદ્ધિ - આરોગ્ય પ્રધાન સંપદા રાખી રોગ પ્રતિકારત્મક શક્તિ જાળવી ગમે તેવા રોગનો સામનો કરવો, તદ્ઉપરાંત મહિલાઓએ રસોઈ બનાવતી વખતે સકારાત્મક ભાવ અને વિચારો કરીએ ઘરને મંદિર કઈ રીતે બનાવી શકાય તે વિષય ઉપર પ્રાસંગિક અનુરૂપ છણાવટ કરી હતી. ગીતાજીના ઉત્તમ ઉદાહરણો ટાંકી સો ટકા પરિણામ માટે સો ટકા કઈ રીતે કરવુ તથા સુખ-શાંતિ સંતોષ, આરોગ્ય અને કર્મ તથા મનના વિચારોની અસર વિશે છણાવટપૂર્વક સમજાવ્યુ હતુ.

અંતમાં ભગવાન ગુરૂ, માતા-પિતા પરિવારનો ઋણ સ્વીકાર કરી ધન્વંતરીદેવની પૂજા કરી કાર્યક્રમ સમાપન કર્યો હતો. આ કાર્યક્રમમાં યોગેશભાઈ, હર્ષદભાઈ ટ્રસ્ટી, ઉમા ટ્રસ્ટ તથા ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના મહિલા પ્રમુખ શ્રીમતી સુશીલાબેન તથા તમામ હોદ્દેદારોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



**ચંદ્રકાન્તભાઈ વસંતભાઈ ખરસાણી**
જ્યોતિષી
મો. ૬૩૫૪૯ ૪૬૪૫૭



**રસિકલાલ એ નાયક**
મો. ૭૬૨૧૮ ૩૬૭૮૭



**રિશી ચૌધરી**
મો. ૮૧૪૦૨ ૫૨૩૭૮



**દામિની એ શાહ**
મો. ૯૧૦૬૯ ૪૮૫૧૭



**પ્રજીત જીગ્નેશ સોલંકી**
મો. ૯૭૨૩૮ ૯૫૭૪૫




**ભાર્ગવ જનાર્દન જોષી**
ફાઈનાન્સિયલ એડવાઈઝર
મો. ૯૪૨૬૩ ૬૭૦૧૯



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા દિવાળી પર્વે જરૂરીયાતમંદોને મિઠાઈનું વિતરણ કરી આ દિપ પર્વની અનોખી ઉજવણી કરવામાં આવે છે. સતત બે દાયકાથી ચાલતા આ સેવા યજ્ઞમાં જરૂરીયાતમંદોને મિઠાઈ આપી તેઓને દિવાળી પર્વના ઉત્સાહમાં સામેલ કરવામાં આવે છે.

## ગાંધીનગર ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા ગરીબ વસાહતના બાળકોને મીઠાઈ વિતરણ



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા દિવાળી પર સેક્ટર ૨૪ અને સેક્ટર ૧૩ ની ગરીબ વસાહત ના બાળકો ને પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ, ઉપ પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ, મંગળ સિંહ સોલંકી ઉપ પ્રમુખ, સંજીવ યાદવ કોષાધ્યક્ષ, કાંતિભાઈ પટેલ એડવોકેટ, મહેન્દ્ર ભાઈ ચૌહાણ, નિમેશ ચૌહાણ, અંકિત કુમાર અને લાલસિંહ, મનીષા બેન સેક્રેટરી, જયેશ ભાઈ ગોહિલ, યોગીજી ઉપસ્થિત રહ્યા હતા અને મીઠાઈ તથા ફૂલઝડીની વહેંચણી કરી હતી

આ કાર્યક્રમમાં રાધેશ્યામ યાદવ દ્વારા બાળકોને દિવાળીની સમજ આપી હતી. યોગીજી એ બાળકોને દિવાળી કેમ ઉજવવામાં આવે છે તે સમજાવ્યું હતું. ડૉ ગુલાબચંદ પટેલ ઉપ પ્રમુખ દ્વારા બાળકોને નવા વર્ષની ઉજવણી નિમિતે સવારે વહેલા ઊઠી દિપ જલાવી જે ભગવાનમાં વિશ્વાસ હોય તેમની પૂજા કરવી અને ત્યાર બાદ સૌ પ્રથમ પોતાના માતા પિતાને પગે લાગી અન્યને દિવાળીની શુભકામના ઓ પાઠવવામાં આવે

આ પ્રસંગે અંત આભારવિધિ એડવોકેટ કાંતિભાઈ પટેલ ઈંડિયન લાયન્સ દ્વારા કરવામાં આવી હતી અને રાષ્ટ્રગીતનું સમૂહ ગાન કરી બાળકોને મીઠાઈ અને ફૂલઝડીનું વિતરણ કરવામાં આવ્યું હતું




દિવાળીનું પર્વ એટલે સુખ-સમૃધ્ધિનું પર્વ ધનતેરસે લક્ષ્મીજીની પૂજા કરી સૌના સુખ-સમૃધ્ધિની કામના કરવામાં આવે છે. બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં ધનતેરસની પૂજા કરી સમગ્ર બ્રાન્ચને ફુલોથી સુશોભિત કરવામાં આવી હતી.



સમર્પણ પબ્લિક સ્કૂલમાંમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીને ઓનલાઈન દિવાળી પર્વની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.




દિકરીઓના જન્મદરને વધારવાના હેતુથી જિલ્લા મહિલા અને બાળ અધિકારી હીનાબેન ચૌધરી, બિલેશ્વરપુરાના સરપંચ ગંભીરજી ઠાકોર, રાનાજી ઠાકોર, સીડીપીઓ આશાબેને એક સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.




સ્ટેચ્યુ ઓફ યુનિટી નવું પ્રવાસનધામ બની રહ્યું છે. નવા નવા આકર્ષણો, પ્રવાસીઓને આકર્ષી રહ્યા છે. ગાંધીનગરથી કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી એસ.ટી.ની બસ શરૂ કરવામાં આવી છે. આ બસ શરૂ થતાં પ્રવાસીઓએ તેનું સ્વાગત કર્યું હતું.



રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલની નાની બાલિકા પણ દિવાળી પર ગરીબ વર્ગના લોકોને જરૂરી વસ્તુઓની સહાય કરી રહી છે

## પૂર્વ સરપંચ વિજયસિંહ ચાવડાનું કોરોનાથી અવસાન



ગાંધીનગર, તા.૧૪

૧૨ નવેમબર ના રોજ રંગપુર જિલ્લો ગાંધીનગરના પૂર્વ સરપંચ વિજયસિંહ ચાવડાનું કોરોનાથી અવસાન થયું છે. રંગપુર ગામ અને સમાજના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર સદગતના અવસાનથી સમગ્ર ગામજનોમાં શોકની લાગણી જન્મી છે. એટલુજ નહિ તેમની ખોટ ગામને વરતાશે.